GJDH030002212021

ક્રિમિનલ કેસ નં. ૧૬૫/૨૦૨૧
શ્રી સરકાર
વિરુદ્ધ
દિનેશભાઇ ભરતભાઇ પટેલ અને બીજાઓ

सत्यमेव जयते

**Form-A, R.179A of Cr. Manual**

**મહેરબાન દેવગઢ બારીઆના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ શ્રી(એસ. આર. વકીલ) સાહેબની કોર્ટ સમક્ષ , દેવગઢ બારીઆ**

**આંક – ૬૮**

| | | |
|---|---|---|
| ચુકાદા ની તારીખ | : | ૨૫/૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | : | ૧૬૫/૨૦૨૧ |
| પોલીસ સ્ટેશન / એફ.આઈ.આર. નંબર | | દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન<br>પાર્ટ એ ગુના રજી. નં. ૫૪૫/૨૦૨૦ |
| ગુનો | : | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ |
| ફરિયાદી | : | શ્રી સરકાર |
| ફરિયાદી તરફે | : | વિદ્વાન એ.પી.પી. શ્રી એસ. એમ. ડામોર |
| આરોપી | : | **(૧) દિનેશભાઇ ભરતભાઇ પટેલ,**<br>**(૨) કાળુભાઇ પ્રતાપભાઇ પટેલ,**<br>**(૩) ભીમસીંગભાઇ ભચલાભાઇ પટેલ,**<br>તમામ રહે. ભુલર, પટેલ ફળીયા, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ. |
| આરોપી તરફે | : | વિદ્વાન વકીલ શ્રી એસ. ટી. દડી |

**Form-B, R.179A of Cr. Manual**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૧૬/૧૦/૨૦૨૦ |
| ફરિયાદની તારીખ | : | ૧૬/૧૦/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | : | ૧૬/૦૨/૨૦૨૧ |

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

| | | |
|---|---|---|
| તહોમતનામુ/પ્લીની તારીખ | : | ૦૭/૦૮/૨૦૨૧ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૦૭/૦૮/૨૦૨૧ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૨૫/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૨૫/૦૬/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | ૨૫/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | : | **૦૫ વર્ષ ૦૪ મહિના ૦૯ દિવસ** |

## :: આરોપીની વિગત ::

| **અનુક્રમ** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર છોડયા તારીખ** | **ગુનો** | **તકસીરવાન કે નિર્દોષ** | **સજા** | **Cr.P.C. કલમ ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | દિનેશભાઇ ભરતભાઇ પટેલ | ૧૭/૧૦/૨૦ | ૧૮/૧૦/૨૦ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ | **તકસીરવાન** | આખરી હુકમ મુજબ | નથી |
| ૦૨. | કાળુભાઇ પ્રતાપભાઇ પટેલ | ૧૭/૧૦/૨૦ | ૧૮/૧૦/૨૦ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ | **તકસીરવાન** | આખરી હુકમ મુજબ | નથી |
| ૦૩. | ભીમસીંગભાઇ ભચલાભાઇ પટેલ | ૧૭/૧૦/૨૦ | ૧૮/૧૦/૨૦ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ | **તકસીરવાન** | આખરી હુકમ મુજબ | નથી |

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

**Form-C, R.179A of Cr. Manual**

**:: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ ::**

**(એ) ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :– (સી. આર. પી. સી કલમ ૨૪૬ મુજબ)**

| **અનુક્રમ** | **આંક** | **નામ** | **સાહેદ ના પ્રકાર** |
|---|---|---|---|
| ૦૧ | ૧૦ | હિંમતસીંહ મોહનભાઇ પટેલીયાની જુબાની | ફરિયાદી |
| ૦૨ | ૧૩ | હરીશભાઇ જુવાનસીંહ પટેલીયાની જુબાની | પંચસાહેદ |
| ૦૩ | ૧૫ | હિતેશભાઇ આરતસીંહ પટેલની જુબાની | સાહેદ |
| ૦૪ | ૧૬ | જુવાનસીંહ સર્જનસીંહ ચૌહાણની જુબાની | સાહેદ |
| ૦૫ | ૧૭ | નરવતસીંહ પ્રતાપસીંહ સેલોતની જુબાની | ત.ક. અમલદાર |
| ૦૬ | ૧૯ | આરતસીંહ રામજીભાઇ બારીયાની જુબાની | ત.ક. અમલદાર |

**(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :–**

| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

**(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :–**

| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

**:: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત ::**

**(એ) ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :**

| **અનુક્રમ** | **આંક** | **દસ્તાવેજ ની વિગત** |
|---|---|---|
| ૦૧ | ૧૧ | ફરિયાદ |
| ૦૨ | ૧૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

| | | |
|---|---|---|
| ૦૩ | ૧૮ | લેખિત હુકમ |
| **(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :** | | |
| **અનુક્રમ** | **આંક** | **દસ્તાવેજ ની વિગત** |
| – | – – | – – |
| **(સી) કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :** | | |
| **અનુક્રમ** | **આંક** | **દસ્તાવેજ ની વિગત** |
| – | – – | – – |

// જ જ મે ન્ટ //

**(૧) ફરિયાદની ટૂંકમાં હકીકત :–**

ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે તા. ૧૬/૧૦/૨૦૨૦ ના રોજ કલાક ૧૮:૦૦ વાગે મોજે રાઉન્ડ ફોરેસ્ટ કોલોની પાસે ધાનપુર રોડ, દેવગઢ બારીઆ મુકામે આ કામના આરોપી કાળુભાઈ તું અમારા માણસને ધમકાવે છે તેમ કહી માં–બેન સમાણી ગાળો બોલતાં હિંમતસીંહ મોહનભાઈ પટેલીયાનાઓએ ગાળો બોલવાની ના પાડતાં આરોપી દિનેશભાઈએ તથા ભીમસીંગભાઈએ એકદમ ઉશ્કેરાઈ જઈ માં–બેન સમાણી ગાળો બોલી હિંમતભાઈનું કોટીયુ પકડી ખેંચતાણ કરી તથા આરોપી કાળુભાઈએ હિંમતભાઈને થપ્પડ મારી તથા આરોપી દિનેશભાઈ અને ભીમસીંગભાઈએ ગડદાપાટુનો માર મારી હવે પછી અમારા વિસ્તારમાં તુ કેવી નોકરી કરે છે તને જોઈ લઈશું તેમ કહી માં–બેન સમાણી ગાળો બોલી જાનથી મારી નંખવાની ધમકી આપી તમામ આરોપીઓએ એકબીજાને ગુનો કરવામાં મદદગારી કરી ગુનો કરેલ છે.

**(૨) અત્રેની કોર્ટ દ્વારા અનુસરવામાં પ્રિ– ટ્રાયલ આવેલ કાર્યવાહી :–**

➔ સંજ્ઞાન (Cognizance) લેવા બાબતે :–

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

આ કામના ફરિયાદીએ સદર ગુનાની ફરિયાદ દેવગઢ બારીઆ પો.સ્ટે. માં આપતા સદર ફરિયાદ પાર્ટ એ ગુના રજી. નં. ૫૪૫/૨૦૨૦ થી રજીસ્ટરે લઈ આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૩૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે સદરહું ગુનાની તપાસ હાથ ધરેલ જે તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

➔ <u>પ્રોસેસ ઈસ્યુ કરવા બાબતે</u> :–

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૦૪ મુજબ પ્રોસેસ ઈશ્યૂ કરતા તે બજી જતા તેઓ તેમના વિ.વ.શ્રી. સાથે હાજર થયેલ છે અને વકીલાતનામું રજુ કરેલ છે.

➔ <u>આરોપીને કેસ પેપર્સ આપવા બાબતે</u> :–

ફોજદારી કાર્યરીતિ સંહિતા ૨૦૭ મા જણાવેલ કાયદાની જોગવાઈ નુ પાલન કરવા માટે આ કામના આરોપીને ચાર્જશીટ,એફ.આઇ.આર.ની નકલ તેમજ અન્ય જરૂરી કેસ પેપર્સ વિનામુલ્યે તાત્કાલિક પુરા પાડવામાં આવેલ છે.

➔ <u>ચાર્જફ્રેમ કરવા બાબતે</u> :–

આ કામે રજુ થયેલ તમામ કેસ પેપર્સ વંચાણે લઇ અત્રેની અદાલતના પુરોગામી ન્યાયાધીશશ્રી એ આંક– ૦૪ થી આરોપી વિરુદ્ધ વિગતવારનુ તહોમતનામું ફરમાવેલ છે તથા આ કામના આરોપીની આંક–૦૫ થી આંક–૦૭ સુધી પ્લી નોંધવામાં આવેલ જેમાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ. જેથી ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩) ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન :–**

ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતાં આરોપીનુ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ સોગંદ ઉપર પુરાવો આપવાનો તથા બચાવના સાહેદ તપાસવાનો ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે તેમની ઉપર ખોટો કેસ કરેલ છે. ત્યારબાદ બંન્ને પક્ષોને સાંભળવામાં આવેલ છે.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

**(૪) ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૩૧૪ અન્વયે ઉભય પક્ષે દલીલો :–**

આ કામે ઉભય પક્ષના વિદ્વાન વકીલશ્રીની વિગતવારની દલીલો સાંભળી. ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે તેઓએ આ કામના આરોપી વિરુદ્ધ શંકાથી પર કેસ સાબિત કરેલ હોય, આરોપીને યોગ્ય તે સજા કરવા રજુઆત કરેલ છે. જયારે આરોપીના વિદ્વાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે ફરિયાદ પક્ષના કેસમાં આરોપી પક્ષે વ્યાજબી શંકા ઉભી કરેલ છે, જેથી આરોપીને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૫) ઉપરોકત કેસની હકીકતે કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**–//મુદ્દા//–**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે તા. ૧૬/૧૦/૨૦૨૦ ના રોજ કલાક ૧૮:૦૦ વાગે મોજે રાઉન્ડ ફોરેસ્ટ કોલોની પાસે ધાનપુર રોડ, દેવગઢ બારીઆ મુકામે આ કામના આરોપી કાળુભાઇ તું અમારા માણસને ધમકાવે છે તેમ કહી માં–બેન સમાણી ગાળો બોલતાં હિંમતસીંહ મોહનભાઇ પટેલીયાનાઓએ ગાળો બોલવાની ના પાડતાં આરોપી દિનેશભાઇએ તથા ભીમસીંગભાઇએ એકદમ ઉશ્કેરાઇ જઇ માં–બેન સમાણી ગાળો બોલી હિંમતભાઇનું કોટીયુ પકડી ખેંચતાણ કરી તથા આરોપી કાળુભાઇએ હિંમતભાઇને થપ્પડ મારી તથા આરોપી દિનેશભાઇ અને ભીમસીંગભાઇએ ગડદાપાટુનો માર મારી હવે પછી અમારા વિસ્તારમાં તુ કેવી નોકરી કરે છે તને જોઇ લઇશું તેમ કહી માં–બેન સમાણી ગાળો બોલી જાનથી મારી નંખવાની ધમકી આપી તમામ આરોપીઓએ એકબીજાને ગુનો કરવામાં મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

**(૬) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) અંશત: હકારમાં.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

(૨) આખરી હુકમ મુજબ.

:: ઉપરોક્ત મુદાઓના નિર્ણયના કારણો નીચે મુજબ છે. ::

**(૭) સો પ્રથમ સદર કામે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા, ફોજદારી કાર્યવાહી માં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાક સિદ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.**

(૭.૧) ન્યાયતંત્રના સ્થાપીત સિદ્ધાંત મુજબ પુરાવાનુ મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યા બધ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનૂન સમર્પિત કોઈ નિયમ નથી. પુરાવાનુ મૂલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબીતી અને ના સાબીતીની વ્યાખ્યા પર આધારિત છે.

(૭.૨) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. જ્યારે બચાવપક્ષે પોતાનો બચાવ સંભવિતતાના સિદ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે બચાવપક્ષ ફરિયાદપક્ષના સાહેદોનાં પુરાવા દરમિયાન ઉલટતપાસ માં તે હકીકત પુરવાર કરી શકે છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યરીતિ માં નથી હોતી. ફોજદારી કાર્યવાહી માં તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા જ માત્ર દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનું રહે છે.

(૭.૩) સાબીત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકત અસ્તિત્વ હોવાનું માને તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૭.૪) ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૩૪ વંચાણે લેતા, કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદોની સંખ્યા હોવી જરૂરી નથી. એટલે કે સાહેદોની " સંખ્યા / જથ્થો નહીં, પુરાવાની " ગુણવત્તા" કે સાહેદોનાં પુરાવાની "વિશ્વાસનીયતા" મહત્વની હોય છે.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

(૭.૫) કોઈ સાક્ષી હીત ધરાવતા હોવા માત્રથી તેના પુરાવા આપો આપ અગ્રાહ્ય ગણી શકાય નહીં કે નજર અંદાજ કરી શકાય નહીં. પરંતુ, આવા કિસ્સામાં અદાલતે સાહેદોનાં પુરાવાનુ મૂલ્યાંકન બારીકાઈથી, ઝીણવટભરી રીતે અને વધુ સભાન/સજાગપણે કરવાનુ રહે છે. જો તે સાહેદનો પુરાવો વિશ્વસનીય, ભરોસાપાત્ર અને માનવા લાયક જણાતો હોય તથા ફરિયાદપક્ષની મહત્વની બાબતમાં તેના પુરાવામાં કોઈ વિરોધાભાષી હકીકત માલુમ પડેલ ન હોય તો તેવા પ્રસંગે તેવા હિત ધરાવતા સાહેદના પુરાવાને આધારે પણ આરોપીને તકસીરવાન ઠરાવી શિક્ષા કરી શકાય છે.

(૭.૬) હાલના કામે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૩૨, ૩૨૩ ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ હોઈ સદરહુ કલમના આવશ્યક તત્વો મુજબનો ગુનો સાબિત કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે અને તે સાબીત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવો રજુ કરવો જોઈએ. તેવા સંજોગોમાં આરોપીએ ફરિયાદમાં જણાવેલી હકીકતની સાબીતીનો બોજો ફરિયાદપક્ષ પર છે.

**(૮) સદર કામે પુરાવાની ચર્ચા કરતા અગાઉ ભારતીય દંડ સંહિતા ની કેટલીક કલમો વંચાણે લેવામા આવે તો તે નીચે મુજબ છે.**

**SECTION 332 : Voluntarily causing hurt to deter public servant from his duty.**

Whoever voluntarily causes hurt to any person being a public servant in the discharge of his duty as such public servant, or with intent to prevent or deter that person or any other public servant from discharging his duty as such public servant, or in consequence of anything done or attempted to be done by that person in the lawful discharge of his duty as such public servant, shall be

punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

**SECTION 319 : Hurt**

Whoever causes bodily pain, disease or infirmity to any person is said to cause hurt.

**SECTION 323 : Punishment for voluntarily causing hurt**

Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

**SECTION 504 : Intentional insult with intent to provoke breach of the peace**

Whoever intentionally insults, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

**SECTION 506 : Punishment for criminal intimidation**

Whoever commits, the offence of criminal intimidation shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both;

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

If threat be to cause death or grievous hurt, etc.-And if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or [imprisonment for life], or with imprisonment for a term which may extend to seven years, or to impute, unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.

(૯) સદરહુ કામે ફરિયાદ હકીકત મુજબનો ગુનો પુરવાર કરવા સારું ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદોનાં પુરાવા નીચે મુજબ છે.

(૯.૧) આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૦ થી ફરિયાદી હિંમતસીંહ મોહનભાઇ પટેલીયાને સોગંદ ઉપર તપાસેલા છે. જેમાં તેઓ જણાવે છે કે હાલમાં હું ભુલર ગામે ફરજ બજાવુ છુ. બનાવ તા. ૧૬/૧૦/૨૦૨૦ ના રોજ સવારમાં હું મારી બીટમાં ગયેલ અને ભુલર બીટમાં હીન્દોલીયા ગામમાં સીમળાવાડા ભાગે ગયેલ અને ત્યાં મે ઝાડનું નુકશાન જોતાં ભુલર ગામના આઉટસોર્સ ચોકીદાર દિનેશભાઇ ભારતભાને ફોન દ્વારા સ્થળ પર બોલાવેલ પરંતુ તેઓએ આવવાની ના પાડતાં મે મારા રાઉન્ડ ફોરેસ્ટર શ્રી જુવાનસીંગ સર્જનસીંગ ચૌહાણને ફોનથી જાણ કરેલ. ત્યારબાદ બપોરના જમવા માટે આવેલ ત્યારબાદ હું મારી ફરજ ઉપર ભુલર બીટમાં પાછો ગયેલો. ફરીથી મેં દિનેશભાઈનો સંપર્ક કરેલ અને ફોન દ્વારા જાણ કરેલ પરંતુ આવવાની ના પાડતા મેં દિનેશભાઈને દેવગઢ બારિઆ રાઉન્ડર ફોરેસ્ટરની કચેરી પર બોલાવેલ. ત્યારબાદ રૂઆબારી બીટમાં વિઝિટ કરવા ગયેલ. ત્યારબાદ હું સાંજના છ વાગે દેવગઢ બારીઆ રાઉન્ડ ફોરેસ્ટરની કચેરી પર આવેલ ત્યારે રાઉન્ડ ફોરેસ્ટરની કચેરી ખાતે ભુલર ગામના માજી સરપંચ કાળુભાઈ પ્રતાપભાઈ તથા દિનેશભાઈ તથા ભીમસીંહભાઈ આવેલા. ત્યારબાદ મને માજી સરપંચ કાળુભાઈએ અમારા માણસને કેમ

તતડાવે છે તેમ કહીને જોરથી માં બેન સમાણી ગાળો બોલવા લાગેલા. મે ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈને મને કોટીયુ પકડી પાડેલ. ત્યારબાદ જોડેના દિનેશભાઈ તથા ભીમસીંહભાઈ પણ મને ગાળો બોલવા લાગેલા. ત્યારબાદ મને માજી સરપંચ કાળુભાઈ એ બે ત્રણ થપ્પડ મારેલા તથા જોડેના દિનેશભાઇ તથા ભીમસીંગભાઇએ ગડદાપાટુનો માર મારેલ. ત્યારબાદ ત્યાં હાજર જુવાનસીંહ ચૌહાણ રાઉન્ડ ફોરેસ્ટર ડાંગરિયા તથા સહકર્મચારી દિનેશભાઈએ મને વધુ મારમાંથી છોડાવેલ. ત્યારબાદ આ લોકોએ મને મા બેન સમાણી ગાળો બોલી અમારા વિસ્તારમાં તું કેવી રીતે નોકરી કરે છે તેવી ધમકી આપેલ. ત્યારબાદ અમારા અધિકારીશ્રીને સાથે લઈને દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. જે ફરિયાદ મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે. જે હું ઓળખું છું. જે ફરિયાદ આંક–૧૧ થી રજુ છે. આરોપીઓ આજરોજ કોર્ટમાં છે તે જ છે. આરોપીઓને હું જોયેથી ઓળખુ છુ. સાહેદ આંગળી ચીંદી આરોપીઓને નામજોગ ઓળખ બતાવે છે.

ફરિયાદીએ આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે બનાવ સમયેએ હું બનાવવાળી જગ્યાએ મારી ફરજ ઉપર હાજર હતો તે બતાવતો કોઈ આધાર પુરાવો મે આ ગકામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે ભુલર ગામે જંગલમાં કયાં અને કેટલા ઝાડો કપાયેલ હતાં તેનો ઉલ્લેખ મારી ફરિયાદમાં કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપી દિનેશભાઇ અમારા ફોરેસ્ટ ખાતામાં આઉટસોર્સીંગમાં કામ કરે છે. એ વાત ખરી છે કે આંક–૧૧ વાળી ફરિયાદમાં દિનેશભાઇના ફોન નંબરનો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે મારી આંક–૧૧ વાળી ફરિયાદમાં રાઉન્ડ ફોરેસ્ટ ઇન્ચાર્જ જુવાનસીંગ સર્જનસીંગ ચૌહાણના ફોરન નંબરનો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે મે મારી ફરિયાદ સાથે મારા મોબાઈલની કોલ ડીટેલ રજૂ રાખેલ નથી. એ વાત ખરી છે કે હું બનાવ સમયે મોબાઇલ ફોનમાં રેકોર્ડિંગ થઈ શકે તેવો ફોન વાપરતો હતો. એ વાત ખરી છે કે આવું કોઈ રેકોર્ડિંગ મેં મારી ફરિયાદ સાથે રજૂ રાખેલ નથી. એ વાત ખરી છે કે ભુલર ગામના તમામ રહીશોને હું નામજોગ ઓળખું છું. અમારી ઓફિસમાં રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર હાજર હોય છે. એ વાત ખરી છે કે બનાવ સમયે ચોમાસાની ઋતુ હતી. એ વાત ખરી નથી કે મારી ઓફિસમાં સીસીટીવી કેમેરા લાગેલા છે. એ વાત ખરી છે કે મને જે

થપ્પડ મારેલ તે બાબત મેં કોઈ મેડિકલ સારવાર કરાવેલ નથી. બનાવની ફરિયાદ મેં રાત્રિના આશરે નવ વાગે આપેલી. ફરિયાદ આપવા માટે મારી સાથે રાઉન્ડ ફોરેસ્ટર શ્રી જુવાનસિંહ સર્જનસીંગ તથા બીટ ગાર્ડ શ્રી હિતેશભાઈ એ રીતેના ગયેલા. બનાવ બનતા આશરે ૨૫ થી ૩૦ મિનિટ લાગેલી. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવા માટે અમે અમારા સરકારી વાહનમાં ગયેલ હતા. એ વાત ખરી છે કે અમારી ઓફિસથી પોલીસ સ્ટેશન આવતાં આશરે પાંચ મિનિટ જેટલો સમય લાગે. એ વાત ખરી છે કે બનાવ સમયે આરોપી દિનેશભાઈ અમારી સાથે નોકરી કરતો હતો. એ વાત ખરી છે કે મારી ફરજના ભાગરૂપે જંગલ વિસ્તારની સંપતિ અને જંગલને નુકશાન થયેલ હોય તો તે અંગેનું પંચનામુ કરી રીપોર્ટ અમારા ઉપલા અધિકારીને કરવાનો હોય છે. એ વાત ખરી છે કે અમારા ઉપલા અધિકારીને પુછી આગળની કાર્યવાહી કરવાની હોય છે. એ વાત ખરી છે કે કોઈ ઝાડો કપાયેલ હોય તે અંગેનું અમે આ કામે કોઈ પંચનામુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓએ મને ગાળો બોલેલ નથી કે માર મારેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી સરપંચ હતાં અને તેઓએ મારી વિરૂધ્ધ અરજી કરેલ જેના કારણે મે હાલની ફરિયાદ કરેલ છે.

(૯.૨) આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૩ થી પંચસાહેદ હરીશભાઈ જુવાનસીંહ પટેલીયાને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ જણાવે છે કે તા.૧૬/૧૦/૨૦૨૦ ના રોજ હીંમતભાઈ મોહનભાઈ પટેલીયા અને દીનેશભાઈ ભરતભાઈ પટેલીયા વચ્ચે મારામારી થયેલ હતી. તે બાબતનું પંચનામું કરવાનુ હોય તા. ૧૭/૧૦/૨૦૨૦ ના રોજ પોલીસે મને ફોરેસ્ટ કોલોની, ધાનપુર ચોકડી, સ્ટેશન શાળાની સામે સવારના ૧૧:૩૦ વાગે બોલાવેલ અને પોલીસે મને જણાવેલ કે અમે પંચનામું કરવા આવેલા છે અને હું ત્યાં હાજર થયેલો. તે વખતે પંચ ચિરાગભાઈ ગણપતભાઈ બારીયા પણ ત્યાં હાજર હતા અને ત્યાં અમારા રાઉન્ડ ફોરેસ્ટ ઓફીસર જે.એસ.ચૌહાણનાઓ પણ ત્યાં હાજર હતા. ત્યાં સ્થળ પંચનામું કરવામાં આવેલું. આ કોલોનીની આજુબાજુ દીવાલ આવેલ હતી. બનાવવાળી જગ્યાની ઉત્તરમાં ડામરનો રોડ આવેલ હતો. દક્ષિણમાં સ્ટેશન શાળા નામની સ્કુલ આવેલ હતી. પૂર્વમાં મકાન આવેલ હતા. પશ્ચિમમાં ડેપો ગાર્ડનું કવાર્ટર હતું. આ જગ્યા અમારા રાઉન્ડ ફોરેસ્ટર સાહેબ જે.એસ.ચૌહાણ સાહેબે બતાવેલી.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

જે.એસ.ચૌહાણનાઓએ પોલીસને અમારી રૂબરૂમાં જગ્યા બતાવેલી. આ જગ્યા બતાવ્યા બાદ પંચનામું કરવામાં આવેલુ અને ત્યારબાદ અમારી સહી લીધેલી. આજરોજ મને પંચનામુ બતાવવામાં આવે છે તે જોઈને હું કહુ છુ કે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહિ છે. જે હું ઓળખુ છુ જે પંચનામાને રજુ દાખલ આંક–૧૪ આપવામાં આવેલ છે.

જયારે સદર પંચસાહેદે આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે હું ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટમાં ડ્રાઈવીંગનું કામ કરૂ છુ. હું છેલ્લા ૧૨ વર્ષથી ફોરેસ્ટ ખાતામાં ડ્રાઈવરનું કામ કરૂ છુ. એ વાત ખરી છે કે અમોને પંચમાં રહેવા માટે મારા ફોરેસ્ટના સાહેબે કીધુ હતું. એ વાત ખરી નથી કે મારી નોકરી સવારે ૧૧ વાગ્યા પછી ચાલુ થાય. સાહેદ જણાવે છે કે સવારે ૮:૦૦ વાગ્યાથી ચાલુ થાય છે. મારી નોકરી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી ચાલુ રહે છે. એ વાત ખરી છે કે ૬:૦૦ વાગ્યા પાછી હું મારા ઘરે જતો રહુ છુ. એ વાત ખરી છે કે હું બોલ્યો હોય અને પોલીસે તે મુજબ લખેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે પોલીસ આવી અને ત્યારબાદ એક કાગળ ઉપર મારી સહી લીધેલી તેના સીવાય બીજુ કંઈ મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે મારા અધિકારી સાથે બનાવ બનેલ હોય જેથી આજરોજ સોગંદ ઉપર હું ખોટી જુબાની આપુ છુ.

(૯.૩) આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૫ થી સાહેદ હિતેશભાઈ આરતસીંહ પટેલને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ જણાવે છે કે તા.૨૬/૧૦/૨૦૨૦ ના રોજ ધાનપુર રોડ ફોરેસ્ટ કોલોની પર મારા રૂમ પર હતો તે સમયે સાંજના છએક વાગે મારા રૂમની સામે બુમાબુમ થતાં તે તરફ ગયેલો અને ત્યાં જોયેલ કે ભારતભાઈ અને ભલસીંગભાઈએ હિંમતભાઈને હાથથી પકડી રાખેલ અને કાળુભાઈ હાથથી હિંમતભાઈને મોઢાના ભાગે ગાલ ઉપર મારતા હતા અને આ ત્રણેય જણા ગાળાગાળી કરતા હતા. બીજુ કાંઈ કરતા ન હતા. બનાવના કારણ વિશે મને વાતોવાતથી જાણવા મળેલ કે હિંમતભાઈએ ભારતભાઈને તે જ દિવસે જંગલમાં બોલાવેલા અને તે લોકો આવેલા ન હતા તેથી હિંમતભાઈએ ભારતભાઈને રાઉન્ડ ફોરેસ્ટ ઓફીસ દેવગઢ બારીઆ મુકામે બોલાવેલ હતા અને તે વખતે આ ત્રણેય લોકો આવેલા અને હિંમતભાઈ સાથે મારામારી કરેલી. આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે. સાહેદ આરોપીઓને આંગળી ચિંધી નામજોગ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

જયારે સદર સાહેદે આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે હુ ફોરેસ્ટ ખાતામાં બીટગાર્ડ તરીકે મારી ફરજ બજાવુ છુ. એ વાત ખરી છે કે તા.૧૬/૧૦/૨૦૨૦ ના રોજ હુ મારી ફરજ ઉપર હાજર હતો તે બતાવતો પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે તે સમયે જુવાનસીંગ સર્જનસીંગ મારી સાથે નોકરી કરતા હતા. અમારી ઓફીસથી પો.સ્ટે. આશરે ૫૦૦ મીટરની દુરી ઉપર છે. એ વાત ખરી નથી કે ધાનપુર રોડ ઉપર આવેલ અમારી ઓફીસે સી.સી.ટી.વી. કેમેરા લગાડેલા છે. એ વાત ખરી છે કે હુ ફોરેસ્ટ ખાતામાં નોકરી કરૂ છુ એટલે ફોરેસ્ટરના સલાહ સુચના મુજબ અમે કામ કરીએ છીએ. એ વાત ખરી છે કે બનાવની જગ્યાની નજીક વસ્તીવાળો વિસ્તાર આવેલો છે. બનાવ છ વાગે બનેલો. બનાવના દિવસે અમારી ઓફીસમાં ફોરેસ્ટર સાહેબ એકલા જ હતા. એ વાત ખરી છે કે હાલનો બનાવ બનેલો ત્યારે હુ મારા કવાર્ટર ઉપર હતો અને ઓફીસમાં ન હતો. એ વાત ખરી નથી કે મારા ઉપલા અધિકારીએ ફરિયાદ આપેલ હોય એટલે તેના સમર્થનમાં આજરોજ ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે મારા ઉપલા અધિકારી ફરિયાદી હોય એટલે મને કોઈ માહીત ન હોવા છતાં મે પોલીસને જવાબ લખાવેલો. એ વાત ખરી છે કે આરોપી દિનેશભાઈ ફોરેસ્ટ ખાતામાં નોકરી કરતો હોય એટલે હુ તેને ઓળખુ છુ. એ વાત ખરી છે કે આરોપી કાળુભાઈ માજી સરપંચ હતા એટલે હુ તેમને ઓળખુ છુ.

(૯.૪) આ કામે ફરિયાદ પક્ષે આંક-૧૬ થી સાહેદ જુવાનસીંહ સર્જનસીંહ ચૌહાણનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ જણાવે છે કે સને ૨૦૨૦ ની સાલમાં હુ દેવગઢ બારીઆ ખાતે રાઉન્ડ ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતો હતો. બનાવ તા.૧૬/૧૦/૨૦૨૦ ના રોજ ધાનપુર રોડ ઉપર એકબતી પાસે આવેલ અમારી ફોરેસ્ટ ઓફીસે હુ મારી ફરજ ઉપર હાજર હતો તે દરમ્યાન સાંજના લગભગ છએક વાગ્યાના સમયે બનેલો. અમારૂ કવાર્ટર અને ફોરેસ્ટ ઓફીસ બંને એક જ જગ્યાએ આવેલ છે. બનાવના દિવસે સાંજે આશરે સાડા પાંચ વાગે અમારા રોજમદાર દિનેશભાઈ ભારતભાઈ અને કાળુભાઈ પ્રતાપભાઈ જે ભુલર ગામના માજી સરપંચ હતા તે મારા કવાર્ટર ઉપર આવેલા. તે લોકો આવીને અમારા બીટગાર્ડ હિંમતસીંહ મોહનભાઈ પટેલીયા સાથે ઝઘડવા લાગેલા અને કાળુભાઈએ હિંમતભાઈ સાથે મારામારી ચાલુ કરેલી. દિનેશભાઈ

ભારતભાઈ પોતાની ફરજ ઉપર હાજર ન હતો એટલે મે જણાવેલ કે તુ મારી પાસે એકલો આવજે પરંતુ તે કાળુભાઈ પ્રતાપભાઈ અને બીજો એક ભાઈ જેનુ નામ હાલ મને યાદ નથી તેમને હુ ચહેરાથી ઓળખુ છુ જે ત્યાં આવેલા અને ગાળાગાળી કરવા લાગેલા અને કાળુભાઈએ હિંમતભાઈને કોટીયુ પકડીને ખેંચતાણ કરીને ગાલ ઉપર લાફા મારેલા અને તે સમયે હિતેશભાઈ ભારતભાઈ પટેલ બાજુમાંથી દોડીને આવેલા અને અમોએ તેઓને છુટા પાડેલા. કાળુભાઈ હિંમતભાઈને કહેતા હતા કે અમને કેમ પગાર ઓછો આપો છો તેમ કહીને બીભત્સ માં–બેન સમાણી ગાળો બોલતા હતા અને કહેતા હતા કે તુ અમારા ગામમાં કેમ નોકરી કરે છે તને નોકરી કરવા નહી દઈએ. આરોપી આજરોજ કોર્ટમાં હાજર નથી હાજર હોય તો ઓળખી શકુ.

જયારે સદર સાહેદે આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, બનાવ સમયે મારી નોકરી ડાંગરીયા રાઉન્ડ ફોરેસ્ટ ઓફીસર તરીકે ડાંગરીયા, રૂઆબારી, ભુલર એમ ત્રણ બીટો મારા અન્ડરમાં આવતી હતી જેની ઓફીસ એકબતી બારીઆ ખાતે આવેલી છે. બનાવના દિવસે સવારના સમયે હુ મારા બીટ વિસ્તારમાં ગયેલ હતો. હુ બનાવના દિવસે એકબતી ઓફીસમાં આવેલ કવાર્ટરમાં જ રહેતો હતો. બનાવના દિવસે હુ સવારના સાતેક વાગે ફીલ્ડમાં ગયેલ હતો અને ફીલ્ડમાંથી સાંજના આશરે પાંચેક વાગે પરત આવેલ હતો. એ વાત ખરી છે કે ફીલ્ડમાંથી આવીને ઓફીસનું કામ પતાવીને અમે ઘરે જતા હોઈએ છીએ. એ વાત ખરી નથી કે જંગલમાંથી લાકડા કાપવા બાબતની ફરિયાદ બાબતે હું જંગલમાં ગયેલ હતો. એ વાત ખરી નથી કે બનાવ સમયે અમારી ઓફીસમાં સી.સી.ટીવી. કેમેરા લાગેલ હતા. એ વાત ખરી છે કે બનાવ બાદ મારે કોઈ દિવસ પોલીસને મળવાનુ થયેલ નહી. એ વાત ખરી નથી કે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. એ વાત ખરી છે કે હરીશભાઈ, ચિરાગભાઈ અને હિતેશભાઈ ત્રણેય મારા ખાતામાં કામ કરે છે. એ વાત ખરી છે કે આરોપીઓને હુ બનાવ અગાઉથી ઓળખુ છુ. એ વાત ખરી નથી કે ફરિયાદી અમારા સ્ટાફના માણસ હોય તેમને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ.

(૯.૫) આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૭ થી તપાસ કરનાર અમલદાર નરવતસીંહ પ્રતાપસીંહ સેલોતનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ જણાવે છે કે સને ૨૦૨૦ ની

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

સાલમાં હુ દેવગઢ બારીઆ પો.સ્ટે.માં સે.પી.એસ.આઈ. તરીકે મારી ફરજ બજાવતો હતો તે દરમ્યાન તા. ૧૬/૧૦/૨૦૨૦ ના રોજ દેવગઢ બારીઆના પી.એસ.ઓ. જી.ટી.ચૌહાણનાઓએ દેવગઢ બારીઆ ફર્સ્ટ ગુના રજી. નં. પાર્ટ ૪૪૫/૨૦૨૦, ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ મુજબના ગુનાની ફરિયાદ નોંધી ગુનાની આગળની તપાસ લેખીત હુકમના આધારે અમોને સોંપેલી. જે લેખીત હુકમ આજરોજ હું મારી સાથે લાવેલ છુ. જે લેખીત હુકમને રાજુ દાખલ આંક ૧૯ આપવામાં આવેલ છે. આ ગુનાની તપાસ અમોને મળતાં મે આ ગુનાની ફરિયાદ વંચાણે લઈ બનાવવાળી જગ્ગયાએ જઈ બનાવવાળી જગ્યાનું પંચનામું પંચો રૂબરૂ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીઓને અટક કરેલ. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા આરોપીઓને કોર્ટ સમક્ષ રજુ કરેલ. ત્યારબાદ મારી બદલી અન્યત્ર જગ્યાએ થતાં આ ગુનાની આગળની તપાસ પી.એસ.આઈ. એ.આર.બારીયાનાઓને સોંપવામાં આવેલી. આરોપી આજરોજ કોર્ટમાં હાજર નથી. હાજર હોય તો ઓળખી શકુ.

જયારે સદર તપાસ કરનાર અમલદારની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી નથી કે ફોરેસ્ટ ખાતાના માણસોને જ પંચ તરીકે રાખેલા. એ વાત ખરી છે કે આ કામના સાહેદો ફોરેસ્ટ ખાતાના જ કર્મચારીઓ છે. એ વાત ખરી છે કે ફોરેસ્ટ ખાતાના કંપાઉન્ડની બહાર દુકાનો તથા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે આ કામે સારવાર અંગેનુ કોઈ મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ ખોટી તપાસ કરેલ છે.

(૯.૬) આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૯ થી તપાસ કરનાર અમલદાર આરતસીંહ રામજીભાઇ બારીયાનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ જણાવે છે કે ડીસેમ્બર ૨૦૨૦ માં હુ ટ્રાન્સફર થઈને હુ દેવગઢ બારીઆ પો.સ્ટે.માં સે.પી.એસ.આઈ. તરીકે મારી ફરજ બજાવતો હતો તે દરમ્યાન તા.૨૦/૧૨/૨૦૨૦ ના રોજ અમોને પો.સ.ઈ. એન.પી.સેલોતનાઓની ટ્રાન્સફર થતાં દેવગઢ બારીઆ ફર્સ્ટ ગુના રજી. નં. પાર્ટ ૪૪૫/૨૦૨૦, ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ મુજબના ગુનાની આગળની તપાસ અમોને મળતાં તે તપાસ મે સંભાળી લઈ અને તેમના દ્વારા

અગાઉ કરવામાં આવેલ તપાસના કાગળો વંચાણે લઈ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.

જયારે સદર તપાસ કરનાર અમલદારની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે મે આ કામે ફકત ચાર્જશીટ કરેલ છે અને ચાર્જશીટ કર્યા સિવાય મને બીજી કોઇ માહિતી નથી.

## (૧૦) રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મૂલ્યાંકન નીચે મુજબ છે.

આ કામે ફરિયાદ પક્ષ ની હકીકત મુજબ આ કામના આરોપીઓ ઉપર આક્ષેપ કરવામાં આવેલ છે કે બનાવના દિવસે આ કામના આરોપી કાળુભાઈ એ ફરિયાદીને કહેલ કે તું અમારા માણસને ધમકાવે છે અને માં–બેન સમાણી ગાળો બોલતાં ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતાં આરોપી નં. ૦૧ દિનેશભાઇએ તથા આરોપી નં. ૦૩ ભીમસીંગભાઇએ એકદમ ઉશ્કેરાઇ જઇ માં–બેન સમાણી ગાળો બોલી ફરિયાદીનું કોટીયુ પકડી ખેંચતાણ કરી તથા આરોપી નં. ૦૨ કાળુભાઇએ ફરિયાદીને થપ્પડ મારી તથા આરોપી નં. ૦૧ દિનેશભાઇએ તથા આરોપી નં. ૦૩ ભીમસીંગભાઇએ ગડદાપાટુનો માર મારી હવે પછી અમારા વિસ્તારમાં તુ કેવી નોકરી કરે છે તને જોઈ લઈશું તેમ કહી માં–બેન સમાણી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ.

આ કામે ફરિયાદ પક્ષના પુરાવા ની વિસ્તૃત ચર્ચા કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ ૧૩૪ લક્ષમાં લેતા, કોઈપણ કેસને પુરવાર કરવા માટે કેટલા સાહેદો હોવા જોઈએ તે સંબંધે કાયદાની જોગવાઈઓ જોતા, કોઈ ચોક્કસ સાહેદોની સંખ્યા કાયદાએ નક્કી કરેલ નથી. જે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતે **Laxmibai (Dead) Thr.Lrs. Versus Bhagwantbuva (Dead) Thr.Lrs., 2013 (0) AIJEL - SC 52585** ના ચુકાદામાં જણાવેલ છે કે, કોઈ હકીકતો સાબિત કરવા કેટલી સંખ્યામાં સાહેદો તપાસવામાં આવેલ છે તે મહત્વનું નથી પરંતુ તેમના પુરાવાની ગુણવત્તા કેવી છે તે મહત્વનું પરિબળ છે. જેથી એક સાહેદ પણ જો ભરોસાપાત્ર અને વિશ્વસનીય પુરાવો

આપતા હોય અને તેઓની જુબાનીને સમર્થન મળતું હોય તો તેના પર આધાર રાખી શકાય.

જે અનુસંધાને ફરિયાદી હિંમતસિંહ પટેલીયાને સાથે કરવામાં આવેલ મારામારીના આક્ષેપ અંગે ચર્ચા કરવામાં આવે તો, ફરિયાદ પક્ષે આંક ૧૦ થી તપાસવામાં આવેલ આ કામના મુખ્ય સાક્ષી અને ભોગ બનનાર ફરિયાદી હિંમતસીંહ પટેલીયા નાઓ જણાવે છે કે, આરોપી કાળુભાઈએ ગાળો બોલી કોટીયું પકડી લીધું અને થપ્પડ મારી, તેમજ દિનેશ અને ભીમસીંગે ગડદાપાટુનો માર માર્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપી. બચાવ પક્ષ દ્ધારા કરવામાં આવેલી વિસ્તૃત ઉલટતપાસમાં પણ ફરિયાદીના આ મુખ્ય કથનને જરા પણ તોડી શકાતું નથી. ફરિયાદીની જુબાનીમાં વિશ્વસનીયતા જણાય આવે છે. વધુમાં, આ કામે આંક ૧૫ થી તપાસવામાં આવેલા સાહેદ હિતેશભાઈ અને આંક ૧૬ થી તપાસવામાં આવેલ સાહેદ જુવાનસીંહ ચૌહાણ બનાવના નજરે જોનાર સાક્ષીઓ છે. સાહેદ હિતેશભાઈ તેઓની જુબાનીમાં જણાવે છે કે તેઓએ બૂમાબૂમ સાંભળીને જોયું ત્યારે દિનેશ અને ભીમસીંગે ફરિયાદીને પકડી રાખેલ અને કાળુભાઈ ફરિયાદીને ગાલ ઉપર મારતા હતા તથા ગાળાગાળી કરતા હતા. જયારે સાહેદ જુવાનસીંહ તેઓની જુબાનીમાં જણાવે છે કે, કાળુભાઈએ ફરિયાદીનું કોટીયું પકડીને ખેંચતાણ કરી ગાલ ઉપર લાફા મારેલા અને માં–બેન સમાણી ગાળો બોલેલી. આમ, સદર બંને સાક્ષીઓ બનાવના સ્થળે નોકરી કરતા હોવાથી અને ત્યાં રહેતા હોવાથી તેમની હાજરી તદ્દન કુદરતી છે. આમ, આ બંને નજરે જોનાર સાક્ષીઓની તેઓની જુબાનીઓ મારામારીના કૃત્ય અંગે એકબીજાને સંપૂર્ણ અને સાતત્યપૂર્ણ સમર્થન આપે છે.

આ તબ્બકે નામદાર સર્વોચ્ચ અદાલતે **Bakhshish Singh Versus State Of Punjab, 2013 (0) AIJEL-SC 54298** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતના અન્ય ચુકાદાઓની ચર્ચા કરી એવું અવલોકન કરેલ છે કે જયારે સાક્ષીનો પુરાવો અન્યથા વિશ્વશનીય જણાય આવતો હોય ત્યારે નાની વિસંગતતા અને અસંગત વર્ણન ફરિયાદપક્ષના કેસને હાનિ પહોંચાડી શકે નથી. સદરહુ ચુકાદાના પેરા ૩૨ અને ૩૩ માં નીચે મુજબ છે.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

32. In Sunil Kumar Sambhudayal Gupta v. State of Maharashtra (2010) 13 SCC 657 this Court observed as follows: (SCC p. 671, para 30) "30. While appreciating the evidence, the court has to take into consideration whether the contradictions/omissions had been of such magnitude that they may materially affect the trial. Minor contradictions, inconsistencies, embellishments or improvements on trivial matters without effecting the core of the prosecution case should not be made a ground to reject the evidence in its entirety. The trial court, after going through the entire evidence, must 12 form an opinion about the credibility of the witnesses and the appellate court in normal course would not be justified in reviewing the same again without justifiable reasons. (Vide State v. Saravanan (2008) 17 SCC 587.)"

33. this Court in Raj Kumar Singh v. State of Rajasthan (2013) 5 SCC 722 has observed as under: (SCC p. 740, para 43) "43. ... It is a settled legal proposition that, while appreciating the evidence of a witness, minor discrepancies on trivial matters, which do not affect the core of the case of the prosecution, must not prompt the court to reject the evidence thus provided, in its entirety. The irrelevant details which do not in any way corrode the credibility of a witness, cannot be labelled as omissions or contradictions. Therefore, the courts must be cautious and very particular in their exercise of appreciating evidence. The approach to be adopted is, if the evidence of a witness is read in its entirety, and the same appears to have in it, a ring of truth, then it may become necessary for the court to scrutinise the evidence more particularly, keeping in mind the deficiencies, drawbacks and infirmities pointed out in the said evidence as a whole, and evaluate them separately, to determine whether the same are completely against the nature of the evidence provided by the witnesses, and whether the validity of such evidence is shaken by virtue of such evaluation, rendering it unworthy of belief."

આમ, જ્યારે મારામારી અચાનક થઈ હોય, ત્યારે દરેક સાક્ષીએ આરોપી અને ફરિયાદી વચ્ચેની ચોક્કસ વાતચીત એકસરખી સાંભળી જ હોય તેવું જરૂરી નથી. વળી, દરેક

વ્યક્તિ પોતાના મોબાઈલમાં વાતચીત નું રેકોર્ડિંગ કરતી હોય તેવું પણ માની શકાય નહીં. આથી, કોલ રેકોર્ડિંગ ના અભાવ કે બનાવના કારણ બાબતે સામાન્ય વિરોધાભાસ એ મુખ્ય મારામારીની ઘટના ને નકારતી નથી.

હવે, આ તબક્કે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૩૨ - રાજ્ય સેવકને ફરજમાં રૂકાવટ અંગેના આક્ષેપ બાબતે ચર્ચા કરવામાં આવે તો, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ, આ કલમ હેઠળ ગુનો સાબિત કરવા માટે ફરિયાદી બનાવ સમયે પોતાની સત્તાવાર જાહેર ફરજ બજાવી રહ્યા હતા તે નિઃશંકપણે સાબિત થવું ફરજિયાત છે. પરંતુ, તપાસ કરનાર અમલદારે કે ફરિયાદીએ પોતે બનાવના દિવસનું હાજરી પત્રક કે રોજમેળ કે અન્ય કોઈ સત્તાવાર દસ્તાવેજ રજૂ કરેલ નથી. જેથી બનાવના સમયે ફરિયાદી તેઓની ફરજ ઉપર હાજર હતા અને રાજ્ય સેવક ની ફરજમાં આ કામના આરોપીઓએ રૂકાવટ કરેલ હોય તેવી હકીકત સચોટ દસ્તાવેજ અને પુરાવાના અભાવે માની શકાય નહીં.

હવે , આ તબક્કે ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ અને ૫૦૬(૨) અંગેના આક્ષેપ બાબતે ચર્ચા કરવામાં આવે તો, રજુ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષે આ બાબતે લેશમાત્ર પુરાવો રજુ રાખેલ ન હોઈ આ ગુના હેઠળ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ તબકકે આ કામે આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ-૫૦૪ મુજબના ગુનાનો આક્ષેપ હોય તે કયારે માની શકાય તે સંદર્ભે નામદાર સર્વોચ્ચ અને વડી અદાલતનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો, **Manik Taneja & anr, Vs, State of Karnataka, 2015 (0) AIJEL-SC 56094** પેરા નં ૧૪ નીચે મુજબ છે.

Para-'14' A reading of the definition of "Criminal intimidation" would indicate that there must be an act of threatening to another person, of causing an injury to the person, reputation, or property of the person threatened, or to the person in whom the threatened person is interested and the threat must be with the intent to cause alarm to the person threatened or it must be to do any act which he

is not legally bound to do or omit to do an act which he is legally entitled to do. 15.In the instant case, the allegation is that the appellants have abused the complainant and obstructed the second respondent from discharging his public duties and spoiled the integrity of the second respondent. It is the intention of the accused that has to be considered in deciding as to whether what he has stated comes within the meaning of "Criminal intimidation". The threat must be with intention to cause alarm to the complainant to cause that person to do or omit to do any work. Mere expression of any words without any intention to cause alarm would not be sufficient to bring in the application of this section. But material has to be placed on record to show that the intention is to cause alarm to the complainant. From the facts and circumstances of the case, it appears that there was no intention on the part of the appellants to cause alarm in the minds of the second respondent causing obstruction in discharge of his duty. As far as the comments posted on the Facebook are concerned, it appears that it is a public forum meant for helping the public and the act of appellants posting a comment on the Facebook may not attract ingredients of criminal intimidation in Section 503 IPC.

વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે, Pravinbhai Becherbhai Vankar Versus State Of Gujarat, 2006 (0) AIJEL-HC 217263 ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે.

Held : In order to convict an accused under Section-504 of Indian penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the month of the witness. The insult envisaged by section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence In order to convict an accused under Section-506(2) of Indian penal Code, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

આમ, ઉપરોકત ચુકાદાઓના સિધ્ધાંતો ધ્યાને લેતાં ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ તથા ૫૦૬(૨) અંતર્ગત આરોપીઓને તકસીરવાન ઠરાવવા માટે જે પ્રકારનો પુરાવો આવશ્યક છે તે ફરિયાદ પક્ષ રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ છે.

વધુમાં, આ કામે બચાવ પક્ષે એવી દલીલ કરી છે કે આ કામે ફરિયાદીએ દવાખાનામાં કોઈ સારવાર મેળવેલ નથી કે ફરિયાદ પક્ષ તરફે કોઈ મેડિકલ સર્ટિફિકેટ રજૂ થયેલ નથી . આ તબ્બકે નામદાર સર્વોચ્ચ અદાલતે સામાન્ય ઈજાના કિસ્સામાં સારવાર સિર્ટીફીકેટ અંગે **Lakshman Singh Versus State Of Bihar, 2021 (0) AIJEL-SC 67528** ના ચુકાદામાં નીચે મુજબનું અવલોકન કરેલ છે.

Held - However, production of an injury report for the offence under Section 323 IPC is not a sine qua non for establishing the case for the offence under Section 323 IPC. Section 323 IPC is a punishable section for voluntarily causing hurt. "Hurt" is defined under Section 319 IPC. As per Section 319 IPC, whoever causes bodily pain, disease or infirmity to any person is said to cause "hurt". Therefore, even causing bodily pain can be said to be causing "hurt". Therefore, in the facts and circumstances of the case, no error has been committed by the courts below for convicting the accused under Section 323 IPC.

આમ, કલમ ૩૨૩ હેઠળ સામાન્ય મારમારવાની કે થપ્પડ મારવાની ઘટનામાં શરીર પર કોઈ એવા નિશાન ન પણ પડે કે જેના માટે તબીબી સારવાર લેવી આવશ્યક બને. જો સાહેદોની જુબાની વિશ્વસનીય જણાતી હોય તો માત્ર થપ્પડ કે ગડદાપાટુનો માર ના કિસ્સામાં તબીબી પુરાવાની ગેરહાજરી એ ફરિયાદ પક્ષના કેસ માટે ઘાતક સાબિત થતો નથી. આમ, બચાવ પક્ષની ઉપરોક્ત દલીલ ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

વધુમાં, આ કામે બચાવ પક્ષે એવી દલીલ કરી છે કે આ કામે ફરિયાદ પક્ષે કોઈ સ્વતંત્ર સાક્ષી તપાસ્યા નથી અને જે સાહેદોનાં નિવેદનો લેવા આવેલ છે તે ફરિયાદીના

ખાતામાં ફરજ બજાવતા કર્મચારીઓ છે. પરંતુ, રેકોર્ડ પરથી સ્પષ્ટ છે કે બનાવ ફોરેસ્ટ ઓફિસ અને ફોરેસ્ટ કોલોનીના પ્રાંગણમાં બનેલ છે. આ સ્થળ કોઈ સામાન્ય જાહેર માર્ગ નથી, પરંતુ સરકારી ક્વાર્ટર્સ અને ઓફિસનો વિસ્તાર છે. આવા સ્થળે ફરિયાદીના સહકર્મચારીઓ હાજર હોય તે અત્યંત સ્વાભાવિક છે. આમ, બચાવ પક્ષની ઉપરોક્ત દલીલ ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતે હિત ધરાવતા સાહેદ બાબતે **Seeman @ Veeranam Versus State, By Inspector Of Police ,2005 (0) AIJEL-SC 35012** ના ચુકાદામાં પેરા નં. ૪ માં નીચે મુજબ અવલોકન કરેલ છે.

4. It is now well settled that the evidence of a witness cannot be discarded merely on the ground that he is a related Witness or the sole witness, or both, if otherwise the same is found credible. The Witness could be a relative but that does not mean to reject his statement in totality. In such a case, it is the paramount duty of the Court to be more careful in the matter of scrutiny of evidence of the interested witness, and if, on such scrutiny it is found that the evidence on record of such Interested sole Witness is worth credence, the same would not be discarded merely on the ground that the Witness is an Interested witness. Caution is to be applied by the court while scrutinizing the evidence of the Interested sole witness. The prosecution's non-production of one independent Witness who has been named in the FIR by itself cannot be taken to be a circumstance to discredit the evidence of the interested witness and disbelieve the prosecution case. It is well settled that it is the quality of the evidence and not the quantity of the evidence which is required to be judged by the court to place credence on the statement.

આમ, ઉપરોક્ત કરેલ પુરાવાની સમગ્ર ચર્ચા ધ્યાને લેતા, ફરિયાદી બનાવ સમયે પોતાની સત્તાવાર જાહેર ફરજ બજાવી રહ્યા હતા તે સમયે ફરજમાં રૂકાવટ કરેલ હોય

તેમજ આરોપીઓએ ફરિયાદીને માં–બેન સમાણી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ તે હકીકત શંકાથી પર પુરવાર થતી નથી. પરંતુ આ કામના આરોપી નં . ૦૨ કાળુભાઈ પ્રતાપભાઈ પટેલ નાઓએ ફરિયાદીને થપ્પડ મારેલ તથા આરોપી નં. ૦૧ દિનેશભાઈ ભરતભાઈ પટેલ અને આરોપી નં. ૦૩ ભીમસીંગભાઈ ભચલાભાઈ પટેલ નાઓએ ફરિયાદીને ગડદાપાટુનો માર મારેલ તે હકીકત શંકાથી પર પુરવાર થાય છે. વધુમાં, આરોપીઓ ગુનો સમયે પોતે હાજર હતા તથા આરોપીઓએ એકબીજાની મદદગારીથી સદર ગુનાઓ આચરેલ હોય તેવી હકીકતો પણ રેકર્ડ ઉપર પુરવાર થયેલ હોય ત્યારે તેઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા ની કલમ– ૧૧૪ મુજબ ના તત્વો નિઃશંકપણે પુરવાર થાય છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ અંશતઃ હકારમાં આપી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબ ન્યાયના હીતમાં હુકમ કરવામાં આવે છે.

## ♦ હુ ક મ ♦

(૧) આરોપી **(૧) દિનેશભાઈ ભરતભાઈ પટેલ, (૨) કાળુભાઈ પ્રતાપભાઈ પટેલ, (૩) ભીમસીંગભાઈ ભચલાભાઈ પટેલ** તમામ રહે. ભુલર, પટેલ ફળીયા, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનામાંથી વાજબી શંકાનો આપી ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી **(૧) દિનેશભાઈ ભરતભાઈ પટેલ, (૨) કાળુભાઈ પ્રતાપભાઈ પટેલ, (૩) ભીમસીંગભાઈ ભચલાભાઈ પટેલ** તમામ રહે. ભુલર, પટેલ ફળીયા, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ તથા ૧૧૪ મુજબના ગુના સબબ ક્રિમીનલ પ્રોસીજર કોડની–૨૪૮(૨) અન્વયે કસુરવાર ઠરાવવામાં આવે છે.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

(૩) દોષિત આરોપીઓ હાલ નામદાર કોર્ટ સમક્ષ હાજર છે. સદર કામ દોષિત આરોપીઓને સજાના પ્રશ્ન પર સાંભળવા અંગે આગળની કાર્યવાહી માટે મુલતવી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૫[મી] માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : દેવગઢ બારીઆ.**
**તારીખ: ૨૫/૦૬/૨૦૨૬**

**(સેતુલ રણછોડભાઈ વકીલ)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**
**દેવગઢ બારીઆ**
**યુ.આઈ.ડી નં. જી.જે. ૦૧૫૩૭**

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

## :: સજાના પ્રશ્ન પર સુનાવણી અને અંતિમ હુકમ ::

(૧) આ કામે દોષિત આરોપીઓ તર્ફે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ હેઠળની અરજી આંક – ૬૯ થી આપેલ છે. આ કામે દોષિત આરોપીઓને નામદાર કોર્ટ સમક્ષ રૂબરૂ ઊભા રાખી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૪૮(૨) અન્વયે સજા અંગે પૂછતાં અને આરોપીના વિદ્વાન વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, આરોપીઓનો આ પ્રથમ ગુનો છે અને ભૂતકાળમાં તેઓ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. આરોપીઓ પોતાના પરિવારના કમાઉ સભ્યો છે અને તેમના પર કૌટુંબિક જવાબદારીઓ રહેલી છે. કલમ ૩૨૩ મુજબનો ગુનો સામાન્ય ઈજા અને મારામારીનો છે, કોઈ ગંભીર પ્રકારનો નથી. જેથી, આરોપીઓને જેલમાં મોકલવાના બદલે સમાજમાં રહીને સુધરવાની એક તક આપવા અને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ હેઠળ રહેમ રાહે છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(૨) જ્યારે, સરકાર પક્ષ તર્ફે વિ. એ.પી.પી શ્રીએ દલીલ કરેલ છે કે આરોપીઓએ સરકારી ક્વાર્ટર્સ વિસ્તારમાં જઈને મારામારી કરેલ છે. જેથી સમાજમાં દાખલો બેસાડવા આરોપીઓને કડક સજા થવી જોઈએ અને પ્રોબેશનનો લાભ આપવો જોઈએ નહીં.

(૩) બંને પક્ષોની દલીલો, ગુનાની ગંભીરતા અને આરોપીઓના સંજોગોને અદાલતે કાળજીપૂર્વક ધ્યાને લીધા છે. આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૩૨ જેવા ગંભીર ગુનામાંથી અગાઉ શંકાનો લાભ આપી નિર્દોષ મુક્ત કરવામાં આવ્યા છે. તેઓ માત્ર કલમ ૩૨૩ અને ૧૧૪ હેઠળ દોષિત ઠરેલ છે, જે સામાન્ય શારીરિક ઈજા નો ગુનો છે. આરોપીઓ કોઈ રીઢા ગુનેગાર નથી અને તેમનો આ પ્રથમ ગુનો છે. આધુનિક ફોજદારી ન્યાયશાસ્ત્ર સુધારાત્મક અભિગમ પર ભાર મૂકે છે. સામાન્ય મારામારીના કિસ્સામાં આરોપીઓને જેલમાં મોકલીને કટ્ટર ગુનેગારોના સંપર્કમાં લાવવા કરતાં, તેમને સમાજમાં સારા વર્તનથી રહેવાની એક

તક આપવી ન્યાયના હિતમાં વધુ યોગ્ય જણાય છે. આથી, અદાલત આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવો યોગ્ય જણાય આવે છે.

## ♦ આખરી હુકમ ♦

૧. આ કામના દોષિત ઠરેલા તમામ આરોપીઓને સીધી કેદની સજા ફરમાવવાના બદલે, પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, ૧૯૫૮ ની કલમ-૪(૧) અન્વયે સારા વર્તન અને શાંતિ જાળવવાની શરતે પ્રોબેશન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓએ આગામી ૧ (એક) વર્ષના સમયગાળા માટે સારા વર્તન અને શાંતિ જાળવવા અંગે રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) નો પોતાનો જાત મુચરકો અને તેટલી જ રકમના સધ્ધર જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવાના રહેશે.

૩. દોષિત આરોપીઓને આદેશ કરવામાં આવે છે કે જો તેઓ ઉપરોક્ત ૧ (એક) વર્ષના સમયગાળા દરમિયાન શરતનો ભંગ કરશે અથવા કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાશે, તો તેઓ કોર્ટ સમક્ષ હાજર થઈને આ ગુનાની સજા ભોગવવા માટે બંધાયેલા રહેશે.

૪. આ કેસના કામે આરોપીઓએ અગાઉ આપેલ જામીન અને મુચરકા આજરોજથી રદ કરવામાં આવે છે.

૫. ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૩૬૩ ની જોગવાઈ મુજબ, આ ચુકાદાની એક નકલ દોષિત આરોપીઓને વિનામૂલ્યે ત્વરિત પૂરી પાડવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૫મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : દેવગઢ બારીઆ.**
**તારીખ: ૨૫/૦૬/૨૦૨૬**

**(સેતુલ રણછોડભાઈ વકીલ)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**
**દેવગઢ બારીઆ**
**યુ.આઈ.ડી નં. જી.જે. ૦૧૫૩૭**

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**